For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

NH-48 પર અકસ્માતોની વણઝાર યથાવત: છાણી અને કપુરાઈ પોલીસ મથકે ગુના નોંધાયા

# વડોદરા હાઈવે પર કાળનો પંજો બ્લેક સ્પોટ પર તંત્ર લાચાર, એક જ રાતમાં બે જિંદગી હોમાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરની બહારથી પસાર થતો નેશનલ હાઈવે નંબર-48 જાણે રક્તરંજિત બની રહ્યો છે. પ્રથમ બનાવની વિગત મુજબ, તરસાલી વિસ્તારના સાઈનાવ કોમ્પ્લેક્સમાં રહેતા 67 વર્ષીય ઘનશ્યામભાઈ પરસોત્તમદાસ પંચાલ પોર પાસેની એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. ગત 19મી તારીખે સાંજે સાડા છ વાગ્યાના સુમારે તેઓ પોતાની ફરજ પૂરી કરી પોર ખાતે આવેલા વિશ્વકર્મા મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા.

આ દરમિયાન સુરતથી અમદાવાદ તરફ પૂરપાટ ઝડપે જઈ રહેલા એક અજાણ્યા વાહન ચાલકે ઘનશ્યામભાઈને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે તેઓ રોડ પર ગંભીર રીતે ફંગોળાયા હતા. આસપાસના રાહદારીઓએ તાત્કાલિક તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. આ અંગે કપુરાઈ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજા બનાવમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન જીવલેણ સાબિત થયું હતું. મૂળ ઉત્તર પ્રદેશના ભવનીપુરના વતની 36 વર્ષીય રોશનભાઈ રાધેલાલ પાલ પોતાની ટ્રક (નંબર: DN.09.M.9765) લઈને જીએસએફસી (GSFC) બ્રિજથી દુમાડ ચોકડી તરફ જઈ રહ્યા હતા. રાત્રિના આશરે 8 વાગ્યાના સમયે તેઓ હાઈવે પર રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે ટ્રક હંકારી રહ્યા હતા. તે દરમિયાન સામેથી આવતા એક અજાણ્યા વાહન સાથે તેમની ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં રોશનભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા છાણી પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ શરૂ કરી છે.

### તંત્ર સામે સવાલો અનેક પોલીસની હાજરી છતાં અકસ્માતો કેમ?

નેશનલ હાઈવે પર સતત વધતા અકસ્માતોએ તંત્રની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. હાઈવે ઓથોરિટીએ જે સ્થળોને અકસ્માત માટે સંવેદનશીલ એટલે કે 'બ્લેક સ્પોટ' જાહેર કર્યા છે, ત્યાં પોલીસ તૈનાત હોવા છતાં વાહનચાલકો બેફામ ગતિએ અને રોંગ સાઈડમાં વાહનો હંકારી રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે હાઈવે પર કડક પેટ્રોલિંગ અને ટ્રાફિક નિયમોનું ચુસ્ત પાલન કરાવવામાં આવે જેથી નિર્દોષ નાગરિકોના જીવ બચાવી શકાય.



ધરમ કરતા ધાડ પડી : ઘવાયેલા યુવકે હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

# ઉંડેરા વિસ્તારમાં ઝઘડો છોડાવવા ગયેલા કમિટી મેમ્બર યુવક પર હુમલો

**લોહી** લુહાણ થયેલા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ઉંડેરા વિસ્તારમાં આવેલા ફ્લેટ્સમાં રહેતા લોકો ઝઘડો કરી રહ્યા હતા તે દરમિયાન કમિટી મેમ્બર યુવક છોડાવવા માટે ગયો હતો. તે દરમિયાન આ કમિટી મેમ્બર યુવક સાથે જ આ લોકોએ ઝઘડો કર્યો હતો ત્યારબાદ તેના પર હિંસક હુમલો પણ કરવામાં આવ્યો હતો. લોહી લુહાણ થયેલા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ઘવાયેલા યુવકે હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના ઉંડેરા વિસ્તારમાં આવેલા ઈસાનિયા સ્કાયબ્રિજ ફ્લેટમાં સોસાયટીના કેટલાક લોકો ઝઘડો કરી રહ્યા હતા. તે દરમ્યાન સોસાયટી કમિટી મેમ્બર તરીકે કામ કરતો યુવક લોકોના ઝઘડાના છોડાવવા માટે પડ્યો હતો.

નજીવી બાબતે સોસાયટીના જ કેટલાક સભ્યો કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી સાથે મારામારી કરતા હોય દોડધામ મચી ગાઈ હતી. ત્યારે આ સોસાયટીના લોકોએ ભેગા મળી યુવકને માર માર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાઈ ગયેલા લોકોએ બેઝ બોલની સ્ટીક દ્વારા કમિટી મેમ્બર યુવકના માથામાં હુમલો કર્યો હતો. ત્યારે મારામારીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. દરમિયાન ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

યુવકે જણાવ્યું હતું કે હું કમિટી મેમ્બર તરીકે ઝઘડો છોડાવવા માટે ગયો હતો ત્યારે મુકેશભાઈ, ધ્રુવ તથા ભારતીબેને મારા પર બેઝબોલની સ્ટિકથી હુમલો કર્યો હતો. જેથી યુવકે હુમલાખોર વિરુદ્ધ જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે જરૂરી કાયયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરામાં રસ્તાઓની 'એક્સપાયરી ડેટ' પૂરી?

# અકોટા અને મુજમહુડામાં વગર વરસાદે પડ્યા મસમોટા ભુવા

**વોર્ડ નં-12**માં તંત્રની પોલ ઉઘાડી પાડતા ભુવાઓ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત કરોડોના ખર્ચે રસ્તાઓ બનાવવામાં આવે છે, પરંતુ આ કામગીરીની પોલ વારંવાર પડતા ભુવાઓ ખોલી રહ્યા છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વોર્ડ નંબર 12 માં છેલ્લા 24 કલાકમાં બે અલગ-અલગ જગ્યાએ મસમોટા ભુવા પડતા તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. શિયાળાની ઋતુમાં વગર વરસાદે પડેલા આ ભુવાઓએ પાલિકાના ઈજનેરી વિભાગની ઊંઘ ઉડાડી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત શનિવારે મોડી રાત્રિ દરમિયાન અકોટા ગાર્ડન પાસે મુખ્ય માર્ગ પર એકાએક જમીન બેસી ગઈ હતી અને ઊંડો ભુવો પડ્યો હતો. હજુ આ ઘટનાના સમાચાર પ્રસરે તે પહેલા જ આજે રવિવારે સવારે મુજમહુડા સર્કલ પાસે વધુ એક ભુવો પડતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે હાલાકી સર્જાઈ હતી. અકોટા-મુજમહુડા વિસ્તાર અગાઉ પણ 'ભુવા માર્ગ' તરીકે ચર્ચામાં રહ્યો છે, ત્યારે વધુ બે ભુવા પડતા તંત્રની પ્રી-મોન્સૂન અને મેન્ટેનન્સ કામગીરી પર પ્રશ્નાર્થ ચિન્હ લાગ્યું છે.



### ભ્રષ્ટાચારના ભુવા કે ટેકનિકલ ખામી

શહેરના વ્યસ્ત ગણાતા પશ્ચિમ વિસ્તારમાં વારંવાર પડતા આ ભુવાઓ પાછળ ભ્રષ્ટાચાર જવાબદાર છે કે ટેકનિકલ ખામી તે તપાસનો વિષય છે. હાલમાં તો આ મસમોટા ભુવાઓને કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે, ત્યારે જોવાનું એ રહે છે કે પાલિકા તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને ક્યારે નક્કર કાર્યવાહી કરે છે.

ભુવાઓને કારણે કોઈ અકસ્માત ન સર્જાય તે માટે જાગૃત સામાજિક કાર્યકરો દ્વારા સ્થળ પર જઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ ઠાલવતા કાર્યકરોએ ભુવાઓની આસપાસ ઝાડની ડાળખીઓ ગોઠવી દીધી હતી, જેથી વાહનચાલકો દુરથી સાવચેત થઈ શકે. વિપક્ષી સભ્યો અને સામાજિક કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે કોન્ટ્રાક્ટરો દ્વારા ખોદકામ બાદ રસ્તાનું યોગ્ય પુરાણ કરવામાં આવતું નથી, જેના કારણે વારંવાર જમીન બેસી જવાની ઘટનાઓ બને છે. તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કરતા વિપક્ષે જણાવ્યું હતું કે વડોદરા શહેરને હવે ભુવાઓના કારણે 'ખાડોદરા'નું ઉપનામ મળી રહ્યું છે.

પંચવટી કેનાલ પાસે ગંદકીના ગંજ અને ઝેરી સાપના આતંકથી રહીશો ત્રાહિમામ

# 'ગંદકી હટાવો નહીંતર વોટ ભૂલી જાઓ' ગોરવામાં 6 સોસાયટીના રહીશોનો ચૂંટણી બહિષ્કારનો મિજાજ

તંત્રની ઘોર નિંદ્રા સામે પ્રચંડ વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના ગોરવા પંચવટી વિસ્તારમાં આવેલી કેનાલ પાસે છેલ્લા લાંબા સમયથી ગંદકીના ગંજ ખડકાયા હોવાને કારણે સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બન્યું છે. તંત્રની ઘોર બેદરકારી સામે રોષે ભરાયેલા લોકોએ હવે આવનારી ચૂંટણીના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. પંચવટી વિસ્તારની કેનાલ પાસે ગંદકીના કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે. ગંદકીના આ જથ્થાના કારણે મચ્છરોનો ઉપદ્રવ તો વધ્યો જ છે, સાથે સાથે ઝેરી સાપ અને અન્ય જીવજંતુઓ પણ રહેણાંક વિસ્તારમાં ઘુસી રહ્યા છે. આ સ્થિતિને કારણે સ્થાનિકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર હજુ સુધી નિંદ્રામાં છે.

સફાઈ કામગીરીના અભાવે લોકોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું છે. તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતા આજે મોટી સંખ્યામાં રહીશોએ એકઠા થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. સ્થાનિકે જણાવ્યું હતું કે "જો વહેલી તકે સફાઈ કરવામાં નહીં આવે, તો અમે ચૂંટણીનો બહિષ્કાર કરીશું અને કોઈ પણ પક્ષના ઉમેદવારને વિસ્તારમાં પ્રવેશવા દઈશું નહીં.





### સ્થાનિક રહીશોની મુખ્ય ફરિયાદો :

દુર્ગંધ: કેનાલ પાસે જમા થયેલા કચરાના કારણે આખો દિવસ શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે. ઝેરી જીવજંતુ: કચરાના ઢગલાઓ સાપ જેવા ઝેરી જંતુઓનું આશ્રયસ્થાન બન્યા છે. આરોગ્યનું જોખમ: ગંદકીને લીધે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

### રામ રાખે તેને કોણ ચાખે, અજાણ્યા વાહને ટક્કર મારતા યુવક 20 ફૂટ ઊંચાઈ પર લટકી ગયો



વડોદરા : વડોદરા શહેર નજીક આવેલા નંદેસરી બ્રિજ ઉપર અજાણ્યા વાહને ટક્કર મારતા મોપેડ પર સવાર ઉછડ્યો હતો. જોકે તેનો શર્ટ થાંભલામાં ભરાઈ જતા બ્રિજ ઉપર લટકી જતા તેનો જીવ બચી ગયો હતો. બ્રિજ પરથી પસાર થતાં રાહદારીઓ અને વાહન ચાલકોએ આ યુવકને નીચે ઉતારી સારવાર અર્થે ખસેડ્યો હતો.વડોદરા શહેરમાં એક વિચિત્ર અકસ્માતની ઘટના બની હતી. આણંદ જિલ્લાના અડાસ ગામ ખાતે રહેતો 20 વર્ષે સિદ્ધરાજસિંહ મહિડા પોતાની મોપેડ લઈને વડોદરા આવ્યો હતો. દરમિયાન નંદેસરી બ્રિજ ઉપર કોઈ અજાણ્યા વાહને તેને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. સર્જાયેલા અકસ્માતમાં સિદ્ધરાજસિંહ બ્રિજ પરથી નીચે પટકાય તેવી પરિસ્થિતિ ઉદ્ભવી હતી. જોકે જોગાનું જોગ તેનો શર્ટ બ્રીજના થાંભલામાં ભરાઈ જતા તે 20 ફૂટ ઊંચા બ્રિજ ઉપર લટકી ગયો હતો. જોકે અજાણ્યા વાહનની ટક્કરે તેને ઈજા પહોંચતા તે બેહોશ થઈ ગયો હતો. આ ઘટનાને જોઈ બ્રિજ પરથી પસાર થતાં અન્ય રાહદારીઓ અને વાહન ચાલકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને મહામુસીબતે આ યુવકને બચાવી એમ્બ્યુલન્સ મારફતે એસએસજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યો હતો.

ભેજાબાજો દ્વારા ઓનલાઇન રૂ. 64.87 લાખના ઠગાઇ કરાઇ

# મ્યુ એકાઉન્ટ ખોલાવડાવી રૂપિયા પડાવતા ખાતાધારક સહિત 5 સામે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ભેજાબાજો દ્વારા મ્યુલ એકાઉન્ટ ખોલાવી ત્યારબાદ લોકો પાસેથી ઠગાઈની રૂપિયા પડાવ્યાં બાદ આ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવતા હતા. ત્યારે પાંચ ઠગો દ્વારા લોકો પાસેથી પડાવેલા ઠગાઈના રૂપિયા 64.87 લાખ અન્ય એકાઉન્ટ ટ્રાન્સફર કરી લીધા હતા અને રૂપિયા ચેકથી યુપીઆઇ દ્વારા ઉપાડી લીધા હતા. તેવા પાંચ આરોપી સામે ઠગાઈની ફરિયાદ નોંધાવવામાં આવી છે. મ્યુ એકાઉન્ટો ખોલવાના બહાને લોકો દ્વારા બેન્ક ખાતાનો ઉપયોગ કરીને ખાતા ધારક સહિતના આરોપીઓ દ્વારા લાખોની ઠગાઈ કરવામાં આવી રહી છે. જેને લઈને વડોદરા ગ્રામ્ય એલસીબીની ટીમે મ્યુલ બેંક એકાઉન્ટોના ઈનપુટ પર તપાસ કરી સાઈબર ફ્રોડમાં સોહીલ સાદીક પટેલ (રહે. જલારામનગર ભાથુજી મંદીરવાળી લાઈન કરજણ તા, કરજણ), મોહસીન ફટકીયા (રહે. સાસરોદ તા. કરજણ) તથા સયાન પટેલ (રહે. ભરૂચ)એ કાવતરૂ રચી તેમના મળતીયાઓએ ખોટા મ્યુલ એકાઉન્ટ ખોલાવ્યાં હતા. ત્યારબાદ આ એકાઉન્ટ દ્વારા લોકો સાથે ઓનલાઈન ખોટા નામે સાઈબર ઠગાઈ કરવામાં આવતી હતી. તેવી જ રીતે બનાવમા કરજણના જલારામનગર ખાતે રહેતા સાહીલશા હુસેનશા દિવાન, સોયબ મળેક (રહે. ઓમ શાંન્તીનગર તા.કરજણ) તથા સંયાન પટેલ દ્વારા મ્યુલ એકાઉન્ટ ખોલવાના બહાને રૂપીયા 9.14 લાખનો ફ્રોડ કરાયો હતો. આ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને યુપીઆઈ, એટીએમ, ચેક તેમજ જાતે ઉપાડી લીધા હતા.

### પોર જીઆઇડીસીની ભવાની એન્જિનિયરિંગ કંપનીમાં ચોરી કરનાર બે શખ્સો ઝડપાયા



■ વરણામાં પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, એક ઇકો ગાડીમાં સફેદ ધાતુ જેવું લોખંડની રીંગો અને એક પ્લાસ્ટિકની થેલીમાં કંઈક ભરીને બે ઈસમો સરાર ગામની પાછળ આવેલા રસ્તે થઈને પોર જૂની જીઆઇડીસી બાજુમાં આવી રહ્યા છે. જે ચોક્કસ માહિતીને આધારે પોલીસે વોચ ગોઠવી ઈકો ગાડીને સરાર ગામની પાછળ આવેલ સ્મશાન વાળા રોડ ઉપરથી કોર્ડન કરીને અટકાવી હતી. તપાસ તપાસ દરમિયાન ઈકો ગાડી માંથી ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના ગોવાલી ગામ ખાતે રહેતો મુકેશ ભાઈ વસાવા અને કરજણના ખેરડા ગામ ખાતે રહેતો જગદીશ વસાવા હોવાનું જણાય આવ્યું હતું અને ઈકો ગાડીની પાછળની સીટમાંથી પાંચ લોખંડની રીંગો અને એક થેલીમાં કોપરના વાયરો મળી આવ્યા હતા. જે અંગેની પૂછપરછ કરતા પોર ઇન્ડસ્ટ્રીયલ પાર્ક નવી જીઆઇડીસી પ્લોટ નંબર 156 માં આવેલી ભવાની એન્જિનિયરિંગ નામની કંપનીમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી અને આ સામાન વેચવા માટે નીકળ્યા હતા. આ ચોરીમાં તેઓની સાથે બીજો એક ઈસમ આરીફ અહેમદ પઠાણ રહે, કરજણનો પણ સામેલ હોય તેને વોન્ટેડ જાહેર કરી બંને ઇસમોની અટકાયત કરી 2.50 હજાર ઉપરાંતનો મુદ્દામાલ રિકવર કર્યો હતો

વિશ્વામિત્રી બચાવો સમિતિની મુખ્યમંત્રીને રજૂઆત

# શહેરમાં એર ક્વોલીટી ઈન્ડેક્ષ બિનઆરોગ્યપ્રદ સ્તર સુધી પહોંચી ગયો

AOI નગરજનોને સ્લો પોઈઝન સમાન હોય દિલ્હી જેવી સ્થિતિ સર્જાય તે પહેલા દરેક વિભાગે પગલા લેવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા વિશ્વામિત્રી બચાવો સમિતિના પ્રમુખ કિશોર શર્મા, સંજય વાઘેલા અને એડવોકેટ શૈલેષ અમીને વડોદરામાં દિલ્હીવાળી ના થાય તે માટે ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, વડોદરા શહેરમાં હવાની ગુણવત્તાનો આંક રોજ બિન આરોગ્યપ્રદ થાય છે. સૌ જાણીએ છીએ કે કુદરતી રીતે સામાન્ય સ્થિતિમાં હવામાં 21 ટકા ઓક્સીજન છે. જ્યારે મહત્તમ નાઈટ્રોજન હોય છે. વડોદરાની સ્થિતિ દિલ્હી જેવી થાય તે પહેલા ઠોસ પગલા લેવા જરૂરી છે. વડોદરાના નગરજનોને શ્વાસોચ્છ્વાસ કરવા માટે હવામાન શુદ્ધ રહ્યું નથી. જે તમામ માટે ચિંતાજનક વિષય છે અને તેમાય હવામાં પાતળા કે ઝીણા પાર્ટીકલ્સ છે જે શ્વાસ સાથે ફેફસા સુધી પહોંચી જાય છે તે અતિ ગંભીર છે. ખુલ્લા માં રાખી વેચાતી પાણીપુરી, ખારીસીંગ-ચણા, ભજીયા, સહીત બધાજ ખાદ્ય પદાર્થો ઉપર પોઈઝનસ પાર્ટીકલ્સ બેસી જતા હોય છે. આરટીઓ વડોદરાની પણ જવાબદારી છે કે હવાની ગુણવત્તા ભયજનક સ્થતિ પર પહોચે તે પહેલા વડોદરા શહેરી વિસ્તારમાં ચાલતા ધુમાડો ઓકતા વાહનોનું પીયુસી ચેક કરીને ઠોસ કાર્યવાહી કરે.



### પહેલા વડોદરાથી પાવાગઢ પણ નરી આંખે દેખાતો હતો જે હવે દેખી શકાતો નથી

વડોદરા શહેરમાં હવામાં ઘણા બધા પાર્ટીકલ્સ રેકર્ડ ઉપર આવ્યા છે. જેનાથી હવાની ગુણવત્તાનો આંક ભયજનક સ્થિતિએ પહોચે છે. વર્ષો પહેલા વડોદરા થી પાવાગઢ પણ નરી આંખે દેખાતો હતો તે પણ AQI કે હવા માં ખુબ વધારે પડતા પાર્ટીકલ્સ હોવાથી હવે દેખાતો નથી. ઉપરાંત હવે અત્યંત વધી ગયેલા AQI ને કારણે એરપોર્ટ ઉપરથી ફ્લાઈટ પણ કેન્સલ કરાવી પડે તેવી સ્થિતિ સર્જાય છે.

### ધુમાડો ઓકતા પાલિકાના વાહન છોડી ઈલેક્ટ્રીક કાર વસાવી જોઈએ

વડોદરા કોર્પોરેશનના ચૂંટાયેલા પદાધિકારીઓ ખરેખર નગરજનોના સ્વાસ્થ્યની ચિંતા હોય તો તેમણે પણ ધુમાડા ઓકતા પાલિકાની માલિકી ના ડીઝલ વાહનો છોડી હવાની ગુણવત્તાને જરા પણ અસર નહિ કરતી ઈલેક્ટ્રિક કાર વસાવી અને ફરી, હવાની ગુણવત્તા માટે પોતે પણ ચિંતિત હોવાનું દર્શાવવું જોઈએ. જો વડોદરા શહેરમાં દરેક ચાર રસ્તા જંકશન પર અને તમામ તળાવો પર પાણી ના ફુવારા ની સંખ્યા વધારવામાં આવે તો AQI કે હવાની ગુણવત્તા સુધારી શકાય. મુખ્યમંત્રી કે કોઈ વી.આઈ.પી આવે તો રોડ રસ્તા ની બાજુઓ માં છાંટવા માં આવતો બી.એચ.સી. /ડી.ડી.ટી. પાવડર તદ્દન બંધ કરી દેવો જોઈએ. સંજય વાઘેલા ,સભ્ય

### સિમેન્ટના પ્લાન્ટને પણ જીપીસીબીની પરવાનગી વગર ચલાવી શકાય નહિ

જીપીસીબીના અધિકારીઓએ પણ એર ક્વોલીટી ઇન્ડેક્ષ ન ભયજનક સ્થિતિ એ પહોચતો રોકવા માટે પગલા લેવા જોઈએ. વડોદરા શહેરની આજુબાજુ ઘણા બધા નાના-મોટા ઉદ્યોગો ચાલે છે તેના દ્વારા છોડાતા ધુમાડા કે એફ્લુઅન્ટનું નિયંત્રણ કરાતું હોય તેવું લાગતું નથી. વડોદરા શહેર માં ચાલતા સિમેન્ટના આરએમસી પ્લાન્ટને પણ જીપીસીબીની પરવાનગી વગર ચલાવી શકાય નહિ. સત્તાધીશો નોટીસ આપી કામ બંધ પણ કરાવવું જોઈએ. શૈલેષ અમીન ,એડવોકેટ

આગામી દિવસોમાં ઠંડીનુ પ્રમાણ વધવાની હવામાન વિભાગની આગાહી

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા બેવડી ઋતુની અસર : તાપમાન 14.4 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરમાં નગરજનોને ફૂલ ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો અને લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. ત્યારે, રવિવારે ઠંડીનો પારો 14.4 ડીગ્રી પર પહોંચતા નગરજનોને બેવડી ઋતુનો અનુભવ થયો હતો. બપોરે ગરમી જ્યારે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડી અનુભવાઈ હતી.

વડોદરા સહિત રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ઠંડી અનુભવાઈ તો રહી છે. પરંતુ, હવે આગામી બે દિવસ બાદ કડકડતી ઠંડી પડવાની છે. જેથી આકરી ઠંડી માટે તૈયાર રહેજો. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા બેવડી ઋતુની અસર રહેવાની છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી બે દિવસ બાદ એટલે કે, 23 ડિસેમ્બરથી ગુજરાતમાં ઠંડીનું જોર વધવાનું છે. રાજ્યમાં ઉત્તર-પૂર્વના પવનો ફુંકાતા હાડ થીજવતી ઠંડીનો અનુભવ થશે. નિષ્ણાતોના અનુમાન મુજબ પશ્ચિમી વિક્ષોભ પાછળ આવતા શિયાળાની સિઝન પાછળ ગઈ હોય તેમ જણાય છે અને જાન્યુઆરીમાં એક કે બે પશ્ચિમી વિક્ષોભ આવતા હવામાનમાં પલટો આવી શકે છે. ત્યાર બાદ જાન્યુઆરીથી લઈને એપ્રિલ મહિના સુધી ગુજરાતના હવામાનમાં પલટો આવી શકે છે અને વિવિધ ભાગમાં માવઠાંની શક્યતા રહેશે. 22મી ડિસેમ્બર સુધીમાં હળવા પશ્ચિમી વિક્ષોભ આવવાની શક્યતા છે. જે દેશના ઘણા ભાગોમાં પ્રભાવી રહેવાની શક્યતા રહેશે. જેથી ઉત્તરમાં હિમવર્ષા થવાની શક્યતા રહેશે. જેથી તારીખ 22મી ડિસેમ્બર બાદ આકરી ઠંડી જોર પકડશે. તારીખ 27 ડિસેમ્બર બાદ પણ આકરી ઠંડી જોર પકડશે. આ વખતે જાન્યુઆરી મહિનો ઠંડો રહેવાની શક્યતા છે.

જ્યારે, 20મી ફેબ્રુઆરી બાદ ઠંડીમાં ઘટાડો નોંધાશે. વડોદરા શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 29.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 14.4 ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ 81 ટકા અને સાંજે 41 ટકા નોંધાયું હતું.